વિવિધ ખાતા મારફત ચાલતી જૂથ (જનતા) અકસ્માત વીમા યોજનાઓનું એકત્રિકરણ કરવા બાબતના તા.૨૫/૬/૦૭ ના ઠરાવમાં સુધારા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧ / ૦૪ /૨૦૧૩

વંચાણે લીધા:-

(૧) કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠ.ક્રમાંક:પરચ/૧૧૯૫/૧૨૬૦/એમ(૩) તા.૧૨/૧/૧૯૯૬

(૨) શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક:જીઆઈએસ/૧૦૯૫/૬૦૯/એમ(૨) તા.૮/૧/૧૯૯૬ તથા અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના પત્ર નં.જીએસઆઈ-૧૩૨૦૦૮-મ.૭-ધા.સ.પ.-મ(૨) તા.૨૩/૪/૨૦૦૮, ગુજરાત ગ્રામ શ્રમિક કલ્યાણ બોર્ડ નાં પત્રો નં: ગશ્રક/બોર્ડ/શ્રસુયો/સહાય/૪૬૩૮ તા.૦૨/૦૫/૨૦૦૮ તથા ગશ્રક/બોર્ડ/ જવય /૫૭૯૧ તા.૦૬/૧૨/૨૦૧૦ તથા તા.૨૦/૦૪/૨૦૧૧ ની ગ્રા.શ્ર.આ ની સશ્રઅની માસિક બેઠકની નોંધનાં મુદ્દા નં:૬, ઓળખકાર્ડ: સંદર્ભ: ક્રમાંક: યુઓએલ/૧૦૯૭/૧૬૦૪/પાર્ટ-ફાઇલ-૨/મ(૨),તા.૦૯/ ૧૦/૧૯૯૭ અને ગશ્રઅ/૧૦૨૦૦૯/૪૮૪/મ(૨) તા.૧૧/૦૧/૨૦૧૦

(૩) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પીઆરઆઈ/૧૦૨૧/ઈએમ/૩૩૯/ક તા.૧૫/૩/૨૦૦૨

(૪) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૭૨૦/એઓએસ/૪૮૮/ખ તા.૧૪/૮/૨૦૦૦

(૫) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:૧૦૨૦૦/મંત્રી/૭૫/અ તા.૨/૭/૨૦૦૧

(૬) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:દવસ/૧૦૨૦૦૦/મંત્રી/૭૫/અ તા.૨/૭/૨૦૦૧

(૭) યુવક, સેવા અને સાંસકૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૯૫/૧૬૫૩/બ તા.૩૦ /૮/ ૧૯૯૬

(૮) રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:રમત/૧૦૯૮/૧૯૩૪/૧૧/બ તા.૩૦/૯/૧૯૯૯

(૯) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:એઆઈએસ/૧૦૯૧/જીઓઆઈ/૩૬૫/પી તા.૧૩/૩/૯૬, ૧૦/૬/૧૯૯૬

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠ.ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૫/૧૫૭૭/ગ તા.૨૫/૭/૨૦૦૫

(૧૧) મહિલા અને બાળ વિકાસ વિ.ના ઠ.ક્રમાંક:નવસ/૧૦૨૦૦૬/૯૬૦/અ તા.૧૪/૬/૦૬

(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧ તા.૨૮/૩/૨૦૦૭

(૧૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:જવય/૧૦૦૪/૬૮૧(૨૧)ઝ તા.૨૫/૬/૨૦૦૭

(૧૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:જવય/૧૦૦૪/૬૮૧(૨૧)ઝ તા.૨૭/૨/૨૦૦૯

(૧૫) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ નં. હરઉ/૧૦૨૦૦૪/૨૬૬૭ /ચ તા.૩/૧/૨૦૧૦.

(૧૬) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈએનએસ/૧૦૨૦૧૦/યુઓઆર/૮૮,૮૫૩૩૨૩/ન તા.૩૦/૪/૨૦૧૧.

(૧૭) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:એફઆઇએસ-૧૦૨૦૧૧-૨૮૯૫-ક-૭, તા.૨૭/ ૦૩/૨૦૧૨.

(૧૮) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ -૧૦૨૦૦૪-૨૬૧૮-ક-૭,તા.૦૯/ ૦૫/૨૦૧૨.

આમુખ:

રાજ્યના જુદા જુદા વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ હતી. ઉક્ત વિવિધ યોજનાઓમાં રાજ્ય સરકાર જેટલું પ્રીમિયમ ભરે છે તેના પ્રમાણમાં લાભાર્થીઓને સરળતાથી વીમાનો લાભ મળતો ન હતો. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ વીમા યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નક્કી કરવા સરકારશ્રી દ્વારા અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગારની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ



વાય-૧૧-૧

www.sarkariyojanaguj.com

સમિતિએ રાજ્ય સરકારની જુદી જુદી વીમા યોજનાઓનો અભ્યાસ કરી તેનું સંકલન કરી એકત્રિત ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજનાની સંકલિત વીમા યોજના તૈયાર કરી રાજ્ય સરકારને મંજૂરી અર્થે રજુ કરેલ.ઉક્ત સમિતિએ રજુ કરેલ અહેવાલને આધારે રાજ્ય સરકારે સંદર્ભ-૧૩ તરીકે ઉલ્લેખ કરેલ નાણા વિભાગના તા.૨૫/૬/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ જવય/૧૦૦૪/૬૮૧(૨૧)/ઝ થી જૂથ જનતા અકસ્માત યોજના મંજૂર કરેલ છે. જેની અમલવારી તા. ૧-૦૪-૨૦૦૮ થી અમલમાં છે. આ યોજના ના પાંચ વર્ષના અમલીકરણ દરમિયાન ધ્યાનમાં આવેલ મુશ્કેલીઓ તથા ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇ માં સુધારાઓ કરવા જુદા જુદા વિભાગો તરફથી મળેલ સુચનો અને પ્રાપ્ત થયેલ રજૂઆતો ધ્યાને લઇને આ યોજના ના સુચારૂ સંચાલન તથા પ્રત્યેક સાચા લાભાર્થીઓને કોઇ મુશ્કેલી ન પડે તેમજ સરળતાથી વીમા નું વળતર મળી રહે તે હેતુથી તા. ૨૫-૦૬-૨૦૦૭ના ઠરાવમાં જરૂરી સુધારાઓ કરી નીચે મુજબ સર્વગ્રાહી ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## ઠરાવ

૧. **યોજનાનું નામ** :આ યોજના "ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના" તરીકે ઓળખાશે.

૨. આ ઠરાવ તા .૦૧ /૦૪ /૨૦૧૩ ના રોજથી અમલમાં આવશે અને જ્યાં સુધી તેમાં કોઇ સુધારો કરવામાં ન આવે અથવા તેને રદબાતલ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે

૩. આ યોજનાનો ઉદ્દેશ રાજ્ય સરકાર દ્વારા પરિશિષ્ટ-૧ માં આવરી લેવાયેલ વિવિધ કેટેગરીનાં લાભાર્થીઓનું અકસ્માતથી ઈજા થતાં, અકસ્માતથી અપંગ થવાથી અથવા અકસ્માતથી મૃત્યુનાં કિસ્સામાં વળતર ચૂકવીને તેનાં કુટુંબીજનોને મદદરૂપ થવાનો છે.

આ યોજનાનાં લાભાર્થીઓમાં પરિશિષ્ટ-૧ માં સામેલ અથવા ભવિષ્યમાં ઉમેરાતી કેટેગરીઓને આવરી લેવામાં આવશે. આ યોજના રાજ્ય વીમા નિધિ દ્વારા ઈસ્યૂ કરવામાં આવનાર જૂથ જનતા અકસ્માત વીમા પોલિસી (Group Janata Personal Accident) ની તમામ શરતો અને નિયમોને આધિન રહેશે અને દાવા ચૂકવણી પણ આ ઠરાવ તથા પોલીસીની શરતો/નિયમો/અપવાદોને આધિન રહેશે.

૪. માસ્ટર પોલિસી...

ગુજરાત સામુહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ પરિશિષ્ટ-૧ ની વિગતે આવરી લેવાયેલ તમામ કેટેગરીની એક જ માસ્ટર પોલિસી લેવામાં આવશે. આ પોલિસી લેવા માટે નાણા વિભાગ જો ઈચ્છે તો તેઓ દ્વારા જાહેર અને ખાનગી ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ પાસેથી ભાવપત્રક મંગાવી વીમા પોલિસી લેવામાં આવશે. અથવા વીમા નિયામકશ્રી દ્વારા જ આ પોલિસીની અમલવારી કરવામાં આવશે. અલગ અલગ લાભાર્થીઓની અલગ અલગ વીમા રકમ નક્કી કરવામાં આવે તો દર લાખ રૂપિયે પ્રીમિયમનો દર મંગાવવાનો રહેશે.

વીમા કંપની પાસે વીમો લેવામાં આવે તો વીમા નિયામકની કચેરીનો સહવીમા કરાર મુજબ ૪૫% નો સહવીમા ફાળો ફરજિયાત નિયત કરવાનો રહેશે.

૫. ઓળખવિધિ...

દરેક લાભાર્થીઓની ઓળખવિધિ જે તે વિભાગો કે ખાતાઓ દ્વારા આ યોજના ઘડવામાં આવેલ છે તેઓ દ્વારા નિયત કરેલ નોડલ ઓફિસરે આ યોજનાના હાલના ઠરાવની જોગવાઈ મુજબ કરવાની રહેશે અને તેઓ દ્વારા પ્રમાણિત લાભાર્થી જ આ યોજના હેઠળ વળતર મેળવવા હક્કદાર બનશે.

૬. યોજનામાં સમાવિષ્ટ લાભાર્થીઓ...

આ યોજનામાં સમાવિષ્ટ લાભાર્થીઓને વીમા યોજના વળતર મેળવવા માટે જે તે લાભાર્થીનો સમાવેશ જે તે લાભાર્થી વીમા પોલિસીની તારીખે એટલે કે દર વર્ષની ૧લી એપ્રિલે લાભાર્થી આ યોજનામાં સમાવિષ્ટ હોવો જોઈશે. ૧લી એપ્રિલ પછી સમાવિષ્ટ થનાર લાભાર્થીને આ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર થશે નહિ.

દા.ત. ખાતેદાર ખેડૂત યોજનાના લાભાર્થી તા.૧/૧૦/૧૧ નાં મૃત્યુ પામેલ હોય અને તેઓ ખાતેદાર તરીકે તા.૧/૬/૧૧ નાં રોજ નોંધાયેલ હોય તો આ લાભાર્થી ૧લી એપ્રિલ,૨૦૧૧ નાં રોજ ખાતેદાર ન હોવાથી વીમા વળતર મેળવવા હક્કદાર રહેતા નથી.

આમ જે તે વર્ષે પોલિસી શરૂ થતાં જે લાભાર્થીઓ જે તે કેટેગરીમાં નોંધાયેલ હશે તેઓ જ આ યોજના અંતર્ગત લાભ મેળવવા હક્કદાર ગણાશે. મધ્યસત્રમાં નોંધાયેલ લાભાર્થીઓનો સમાવેશ બીજા વર્ષથી કરવામાં આવશે.

૭. અકસ્માતની વ્યાખ્યા..

કોઇપણ વ્યક્તિને અકસ્માતે ઇજા કે મૃત્યુ ત્યારે થયેલ ગણાશે કે, જે બનાવ અણધારેલ, એકાએક અને બિનઈરાદા પૂર્વકનો હોય કે જેમાં જોઇ શકાય તેવા બાહ્ય હિંસક નિશાનો જણાય પરંતુ, અકસ્માતે મૃત્યુ/ઇજાની વ્યાખ્યામાં નીચેનાનો સમાવેશ સ્પષ્ટ રીતે થશે નહીં.

(૧) આપઘાત/ આત્મહત્યા કે કુદરતી મૃત્યુ કે કોઈ કાયદા/ધારા વિરૂધ્ધના કૃત્યથી અને કોઈપણ જાતની બીમારીથી અને વયથી થતા મૃત્યુ/ઇજા તેમજ ફુડ પોઈઝનીંગ, પોલિયોથી થતું તથા મૃતકની ઘોર બેદરકારીથી જેવી કે, દારૂ પીવાની ટેવ હોવી, જોખમી સ્ટન્ટ કરવા, ભૂલથી દવા પી જવી, વાહન ચલાવવાના લાયસન્સ વગર વાહન ચલાવતા અકસ્માત થાય.

(૨) વાહન અકસ્માતે મૃત્યુ/ઇજાનાં કિસ્સામાં મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ મુજબનું ઇફેક્ટીવ અને વેલીડ ડ્રાઇવીંગ લાઈસન્સ ધરાવતાં હોઇ નહીં તો .

(૩) ભારતીય રેલવે મેન્યુઅલ મુજબ કોઇ વ્યક્તિ રેલવે સત્તાવાળાની પરવાનગી વગર રેલવેની હદમાં એટલે કે, રેલવે ટ્રેક પાસે જાય, રેલવે એન્જીન પાસે જઇને ગેરકાયદેસર પ્રવેશ(Trespass) કરે અને અકસ્માતે મૃત્યુ/ઇજા થાય તો.

૮. મૃત્યુ કે કાયમી અપંગતાને કારણે મળવાપાત્ર વીમા વળતરનો લાભ...

આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં આવરી લેવાયેલ યોજનાઓ/કેટેગરી હેઠળના લાભાર્થીઓને કોઈ પણ એક જ કેટેગરી અંતર્ગત તેમના ક્રમ સામે કોલમ નં.૪ માં નિર્દિષ્ઠ કરેલ વીમાંરાશીની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચૂકવવાપાત્ર રહેશે. સામાન્ય જૂથ જનતા અકસ્માત વીમા પોલિસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

(અ) અકસ્માતનાં કારણે મૃત્યુ/કાયમી , સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦%.

(બ) અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.(આંખનાં કિસ્સામાં આંખની સંપૂર્ણ ૧૦૦% દૃષ્ટિ જવી, હાથનાં કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગનાં કિસ્સામાં ઘૂંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોવો જરૂરી છે.)

(ક) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.

(ડ) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦%.

૯. વારસદારો..

આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબ વ્યક્તિઓ ક્રમાનુસાર રહેશે.

| | |
|---|---|
| અ * પતિ અથવા પત્ની | તેમની ગેરહયાતીમાં |
| બ તેમના બાળક-પુત્ર/પુત્રી | તેમની ગેરહયાતીમાં |
| ક તેમના મા-બાપ | તેમની ગેરહયાતીમાં |
| ડ તેમના પૌત્ર/પૌત્રી | ઉક્ત અ,બ,ક ની ગેરહયાતીમાં |
| ઇ લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા અથવા ત્યક્તા બહેન | |

ફ ઉપરોક્ત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ કેસમાં સબંધિત લાભાર્થીને લાગુ પડતા વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

ઉપરોક્ત કિસ્સામાં જો વારસદાર સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડીયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચૂકવણું કરવાનું રહેશે. પણ તેઓએ ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ નીચે નિમણૂક થયેલ અદાલતનો હુકમ રજૂ કરવાનો રહેશે.

(* આ યોજના અંતર્ગત મૃતક પતિના કેસમાં પત્ની અને પત્નીના કેસમાં પતિ જ વારસદાર તરીકે પ્રથમ હક્કદાર રહેશે.)

૯(A). દાવા રજૂ કરવાની પ્રક્રિયા...

આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે / લાભાર્થીએ અસલ ઓળખકાર્ડ સાથે જાતે હાજર થઈ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોક્ત (ક્રમ-૯) ના વારસદારે અથવા કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીએ પોતે મૃત્યુ/અકસ્માતની તારીખથી ૯૦(નેવું) દિવસમાં સબંધિત ખાતાએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીના નિયત કરેલ સ્થાનિક નોડલ/સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત થયેલ નમુનામાં લેખિતમાં (કોઈ પણ સંજોગોમાં ટપાલથી નહિ) રૂબરૂ પ્રાપ્ત તમામ આધાર-પુરાવા સાથે અરજી કરવાની રહેશે. અકસ્માત/મૃત્યુની તારીખથી ૯૦(નેવું) દિવસની નિયત સમયમર્યાદા બહારની તથા નિયત નમૂના સિવાયની તથા ટપાલથી મળેલ તથા નોડલ ઓફિસરને અરજી મળ્યાથી ૩૦ દિવસ બાદની આમ કુલ ૯૦+૩૦=૧૨૦ દિવસ બાદ વીમા કર્તા સમક્ષ રજૂ થયેલ અરજી સ્પષ્ટપણે નામંજૂર કરવાની રહેશે. અરજદાર વીમા કર્તાને સીધી અરજી કોઇપણ સંજોગોમાં કરી શકશે નહિ.

લાભાર્થીની ઓળખ માંટેના પુરાવાઓ

(૧) ખાતેદાર ખેડૂત → ૭/૧૨, ૮ અ, હક્કપત્ર નં.૬ } મૃત્યુ તારીખ પછીના પ્રમાણિત ઉતારા ફરજિયાત

દરેક વર્ષનાં ૩૧મી માર્ચનાં રોજ એટલે કે પોલિસી શરૂ થયા પહેલાં ગામ નમૂનો હક્કપત્રક નં.૬ માં ખાતેદાર ખેડૂત તરીકેની નોંધ પ્રમાણિત થયેલ હોવી જરૂરી છે. દા.ત., પોલિસીની મુદત ૦૧/૦૪/૧૯૮૦ થી ૩૧/૦૩/૧૯૮૧ ની હોય તો, મૃતક કે ઇજા પામનાર વ્યક્તિ ૩૧/૦૩/૧૯૮૦ પહેલાં ગામ નમૂનો હક્કપત્રક નં.૬ મુજબ નોંધાયેલ ખાતેદાર ખેડૂત હોવો જોઇશે.

ખાસ નોંધ: ખાતેદાર ખેડૂત યોજનામાં ખેડૂતના પ્રથમ હયાત સંતાનનો સમાવેશ તા. ૧-૦૪-૨૦૧૨થી કરવામાં આવેલ છે.

(૨) શ્રમિક અસંગઠિત શ્રમિકને સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ નમુનાનું નોંધણી નંબર તથા ફોટાવાળું અસલ વ્યક્તિગત ઓળખકાર્ડ કે જે પોલિસી શરૂ થયાની તારીખ પહેલા નવીનીકરણ પણ થયેલું હોવું જરૂરી રહેશે.

અસંગઠિત શ્રમિકની વ્યાખ્યા:-

ફક્ત પૂર્ણ કાલીન અસંગઠિત શ્રમિક જે સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ નમૂનાનું નોંધણી નંબર તથા ફોટાવાળું અસલ વ્યક્તિગત ઓળખકાર્ડ ધરાવતા હોય તથા ગ્રામ્ય કક્ષાએ ૧૪ થી ૭૦ વર્ષની વયના ફક્ત જમીન વિહોણા ખેત મજૂરો તથા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારનાં ૧૮ થી ૭૦ વર્ષની વયના ફક્ત અસંગઠિત શ્રમિક કે જે સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ નમુનાનું નોંધણી નંબર તથા ફોટાવાળું અસલ વ્યક્તિગત ઓળખકાર્ડ ધરાવતા હોય તેવા તમામ અન્ય પ્રકારના અસંગઠિત શ્રમિકો કે જેનું સબંધિત અસંગઠિત શ્રમ યોગી કલ્યાણ બોર્ડ તરફથી વીમા પ્રિમીયમ વીમાકર્તાને ચુકવેલ હોય પરંતુ, આ અસંગઠિત શ્રમિકની વ્યાખ્યામાં નીચેનાનો સ્પષ્ટપણે સમાવેશ કરવાનો રહેશે નહીં/ થશે નહીં.

(૧) જે અરજદારને/લાભાર્થી/મૃતકને કામદાર રાજ્ય વીમા યોજના કે કામદાર વળતર ધારો ૧૯૨૩ની જોગવાઇઓ લાગુ પડતી હોય એટલે કે, જેની માલિક નિશ્ચિત હોય અને/અથવા દેશનાં કોઇપણ ધારા કે કાયદા હેઠળ માલિક તરીકે નોંધાયેલ હોય તો સંબંધિત કાયદા/ધારાની જોગવાઇઓથી જેને આપોઆપ કામદાર વળતર ધારો-૧૯૨૩ અન્વયે માલિક તરીકે તેનાં કામદારને અકસ્માતે મૃત્યુ/ઇજાના પ્રસંગે વળતર આપવાની જવાબદારી થતી હોય તેને દા.ત., મોટર વ્હીકલ એક્ટ, ભારતીય મેરિટાઇમ એક્ટ (ફીસીંગ લાયસન્સ)/ફિશીંગ લાયસન્સવાળી બોટનાં ક્રુ મેમ્બર/ટન્ડેલ/ખલાસી હોય , શોપ્સ/ગુમાસ્તા એક્ટ, ફેક્ટરી એક્ટ, કોન્ટ્રાક્ટરર્સ/કોન્ટ્રાક્ચ્યુઅલ લાયાબીલીટી એક્ટ, જે માલિક સર્વિસ ટેક્ષ નોંધણી નંબર ધરાવતો હોય તથા અન્ય આવા પ્રકારના ધારા/કાયદાની જોગવાઇઓ લાગુ પડતી હોય તેવા શ્રમિકો.

(૨) જે અરજદાર/લાભાર્થી/મૃતક ખેતીની કે અન્ય પ્રકારની જમીન પોતાના નામે કે તેના વારસદારોનાં નામે ધરાવતો હોય અને/અથવા ભવિષ્યમાં વારસાઇ હકે કે અન્ય રીતે જમીન પ્રાપ્ત થાય તેમ હોય.

(૩) જે અરજદાર/લાભાર્થી/મૃતક સ્વરોજગાર/સ્વવ્યવસાય/વેપાર/ધંધો કરતા હોય અને/અથવા ધંધાદારી વાહનનાં માલિક કે ડ્રાઈવર હોય અને/અથવા આવું વાહન ભાડેથી ફેરવી ધંધો કરતાં હોય કે બોટ માલિક કે કોઇપણ દુકાન/કેબીન/ લારી-ગલ્લો રાખી વેપાર કરતા હોય કે ભીખારી/ભિક્ષુક હોય/નિવૃત્ત હોય/બેકાર હોય કે ઘરકામ કરતાં હોય કે કુશળ કારીગરની વ્યાખ્યામાં આવતાં હોય.

www.sarkariyojanaguj.com

(૪) જે અરજદાર/લાભાર્થી/મૃતક આર્થિક રીતે ખૂબ જ સધ્ધર હોય જેમ કે, પાકું RCC ટાઈપનું ઘરનું ઘર, ઘરે ગેસ કનેકશન, પોતાનું વાહન, ઘરે એ.સી.,ફ્રીઝ,પાસપોર્ટ,આવકવેરાનું PAN CARD, ધરાવતા હોય તેવા અને/અથવા S.S.C. કે તેનાથી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય.

(૫) જે અરજદાર/લાભાર્થી/મૃતક વિદ્યાર્થી હોય, વિકલાંગ હોય, વિધવા હોય, સફાઇ કામદાર હોય, હીરાઘસુ કામદાર હોય કે સરકારશ્રીની આ યોજનામાં અલગ કે અન્ય કેટેગરી હેઠળ/કક્ષા હેઠળ અલગથી લાભ મળવા પાત્ર થતો હોય

ખાસ નોંધઃ-

અરજદાર/લાભાર્થી/મૃતક પોલિસી શરૂ થયાની તારીખ એટલે કે, ૩૧મી માર્ચ નાં રોજ કે તેની પહેલાં અસંગઠિત શ્રમિક હોવાનું નિયત નમૂનાનું ફોટા તથા નોંધણી નંબરવાળું વ્યક્તિગત અસલ ઓળખકાર્ડ અને /અથવા ૩૧મી માર્ચના રોજ આવુ વ્યક્તિગત ઓળખકાર્ડ નવીનીકરણ/રીન્યુઅલ થયેલ ધરાવતાં હોવા ફરજિયાત છે. દા.ત., વીમા પોલિસી ૦૧/૦૪/૨૦૦૫ થી ૩૧/૦૩/૨૦૦૬ સુધીની હોય તો આવું ઓળખકાર્ડ મૃતક/ લાભાર્થી/ અરજદાર ૩૧/૦૩/૨૦૦૫ નાં રોજ ધરાવતો હોવો જોઇએ કે ૩૧/૦૩/૨૦૦૫ પહેલા આવા ઓળખકાર્ડનું નવીનીકરણ થયેલું હોવું જોઇએ.

સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગે નિયત કરેલ નમૂનાનું ઓળખકાર્ડ દર વર્ષે નવીનીકરણ/રીન્યુઅલ થાય તેવું રજિસ્ટર નિભાવવા સંબંધિત સરકારી શ્રમ અધિકારીને સૂચના આપવાની રહેશે કારણ કે, એક વખત આવું ઓળખકાર્ડ ઇસ્યુ થયા બાદ જો દર વર્ષે તેનાં નવીનીકરણની નોંધ થાય નહીં અને શ્રમિકનો આર્થિક કે અન્ય રીતે સમુદ્ધ થતાં સ્ટેટસ બદલાય જાય તો આવા ઓળખકાર્ડનો દુરુપયોગ થઈ શકે તેમ છે. આ યોજનાના સંદર્ભે આવા ઓળખકાર્ડનો લાભ વ્યક્તિગત હોઇ ફક્ત આવું ઓળખકાર્ડ જે વ્યક્તિના નામે ઇસ્યુ થયેલ હોય તેને જ મળવા પાત્ર રહેશે જેમાં અન્ય કુટુંબના સભ્યનો સમાવેશ કરવાનો રહેશે નહીં.

(૩) પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ...

(૧) જે તે શાળાના આચાર્ય તથા તેનાં આધારે નોડલ ઓફિસર (જિ.પ્રાથ./જિ.શિ.અધિકારીશ્રીનું) વિદ્યાર્થી જે વર્ગમાં/ધોરણમાં અભ્યાસ કરતો હોય તેની વિગત દર્શાવતું વિદ્યાર્થી હોવા અંગેનું પ્રમાણપત્ર.

(૨) શાળા છોડયાના પ્રમાણપત્રની અસલ/પ્રમાણિત નકલ જેમાં શાળા છોડયાની તારીખ_મૃત્યુ/ઇજા ની તારીખના રોજની કે ત્યારબાદની હોવી જરૂરી છે.

(૩) ઓળખ પત્ર આપેલ હોય તો તેની પ્રમાણિત નકલ.

(૪) કોલેજનાં વિદ્યાર્થીઓ/ITI નાં વિદ્યાર્થીઓ...

(૧) જે તે કોલેજ/ITI નાં આચાર્યનું Bonafide વિદ્યાર્થી તરીકેનું જે લાઈન/કોર્સમાં અભ્યાસ કરતો હોય તેની વિગત તથા રોલ નંબર અને કોલેજમાં દાખલ થયા તારીખની વિગત દર્શાવતું પ્રમાણપત્ર.

(૨) કોલેજ/ITI માં આપવામાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

(૩) ફી ભર્યાની પહોંચની પ્રમાણિત નકલ.

(૫) પોલીસ પર્સનલ

(૧) જે તે જિલ્લા પોલીસ અધિકારીનું (નોડલ ઓફિસર) પોલીસ કર્મચારી હોવા અંગેનું બકલ નંબર/ નોકરીનું સ્થળ સાથેનું પ્રમાણપત્ર.

(૨) પોલીસ કર્મચારીને આપવમાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

(૬) સફાઈ કામદાર (ફક્ત સફાઇ કામકાજ દરમ્યાન મૃત્યુ/ઇજાના પ્રસંગે જ લાભ મળવાપાત્ર રહેશે)

નોડલ ઓફિસરનું સફાઈ કામદાર હોવા અંગેનું સ્પષ્ટ પ્રમાણપત્ર. સરકારી કે પંચાયત, મ્યુનિસિપાલિટીના કર્મચારી હોય તો તે સંસ્થાનું તેનાં કર્મચારી હોવા અંગેનું પ્રમાણપત્ર તથા ઓળખપત્ર આપેલ હોય તો ઓળખપત્રની નકલ.

(૭) વિકલાંગ / નિરાધાર / વિધવા

નોડલ ઓફિસરનું પ્રમાણપત્ર તથા સમાજ સુરક્ષા નિયામકશ્રી દ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

(૮) કૈલાસ માનસરોવર/અમરનાથ યાત્રીઓ

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં નોડલ ઓફિસર દ્વારા લાભાર્થી નોંધાયેલ કૈલાસમાન સરોવર/અમરનાથ યાત્રી હોવા અંગેનું પ્રમાણપત્ર.

(૯) સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેનાર વ્યક્તિઓ

આ અંગે રાજ્ય યુવક બોર્ડ દ્વારા નિયત કરેલ નોડલ ઓફિસર દ્વારા લાભાર્થી નોંધાયેલ સાહસિક હોવા અંગેનું પ્રમાણપત્ર અને લાભાર્થીને આપવામાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

(૧૦) સ્પોર્ટસ હોસ્ટેલ દ્વારા ટ્રેઈનીઝ માટેની વીમા યોજના

આ અંગે સ્પોર્ટસ ઓફિસરનું લાભાર્થી નોંધાયેલ હોવા અંગેનું પ્રમાણપત્ર તથા લાભાર્થીને આપવામાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

(૧૧) હીરાઘસુ કામદારો

હીરાઘસુ કામદારોનાં કિસ્સામાં ઉદ્યોગ કમિશ્નર દ્વારા નિયત કરવામાં આવેલ નોડલ ઓફિસરનું લાભાર્થી હીરાઘસુ હોવા અંગેનું પ્રમાણપત્ર. આ ઉપરાંત લાભાર્થી જે સ્થળે નોકરી કરતો હોય તેનાં માલિકનું નોકરીની તમામ વિગતો સાથેનું પ્રમાણપત્ર અને લાભાર્થીની છેલ્લા છ માસની હાજરી તથા પગાર જણાવતી માહિતીનું પત્રક. પોલિસી શરૂ થયાનાં તારીખ પહેલા હીરા યુનિટ નોંધાયેલા હોવા તથા હીરાઘસુ પણ પોલિસી શરૂ થયા પહેલા આવા યુનિટમાં છેલ્લા ૬ માસ પહેલા કામ કરતા હોવા જરૂરી છે. આ યોજના નવી જ અમલમાં આવેલ હોઇ, સરકારશ્રી પાછળથી જરૂરી સુધારા-વધારા કરી શકશે.

(૧૨) જેલ ખાતાના કર્મચારીઓ/અધિકારીઓ અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલ દ્વારા નિયુક્ત કરાયેલ નોડલ ઓફિસરનું જેલ કર્મચારી હોવાનું પ્રમાણપત્ર તથા ઓળખપત્રની પ્રમાણિત નકલ.

૯ (B). દાવા અરજી સાથે નીચે દર્શાવેલ દસ્તાવેજો ફરજિયાતપણે વાંચી શકાય તેવા રજૂ કરવાનાં રહેશે.

(૧) અકસ્માત મૃત્યુ વળતર મેળવવા માટેની નિયત નમુનાની અરજી પરિશિષ્ટ- ૧,૨,૩, ૩(A),૪,૫ સંપૂર્ણ તથા વિગતવાર ભરીને રજૂ કરવી. (નકલ સામેલ છે)

(૨) FIR ની પ્રમાણિત નકલ, ચાર્જશીટ/તેમજ તપાસનીશ પોલિસ અધિકારી દ્વારા તૈયાર કરેલ CRPC ની કલમ-૧૭૩ હેઠળનો વિગતવાર અહેવાલ, પોલિસ સ્ટેશન ડાયરી, પોલીસ પંચનામા તથા ઈન્કવેસ્ટ પંચનામાની પ્રમાણિત નકલ, અકસ્માત મોત રજીસ્ટર, મરણોન્મુખ નિવેદન, પોલિસ તપાસનો આખરી અહેવાલ જે SDMને કેસ ફાઇનલ કરવા રજૂ કરેલ હોય તેની SDM ના હુકમ સાથેની પ્રમાણિત નકલ.

(૩) પોસ્ટમોર્ટમ રિપોર્ટની પ્રમાણિત નકલ તથા P.M. રિપોર્ટમાં જ્યાં મરણનાં કારણ બાબતે FSL રિપોર્ટ મેળવવાનો હોય અને મૃતકનાં અંગો રાસાયણિક પૃથ્થકરણ માટે મોકલેલ હોય તો તે રિપોર્ટની પ્રમાણિત નકલ તથા મૃત્યુનું કારણ દર્શાવતું P.M. કરનાર ડૉક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરજિયાત છે. અકસ્માત બાદ હોસ્પિટલમાં સારવાર લીધી હોય તો તે સારવારની વિગતો અને તેને લગતા દસ્તાવેજો. જેવા કે, ડીસ્ચાર્જ સમરી વગેરે...

(૪) કાયમી સંપૂર્ણ અપંગતાના કેસમાં મેડીકલ બોર્ડ/સિવિલ સર્જનનું ફાઈનલ એસેસમેન્ટ દર્શાવતું પ્રમાણપત્ર તથા અપંગતા બતાવતો પોસ્ટકાર્ડ સાઇઝનો ફોટોગ્રાફ

(૫) મરણના દાખલાની પ્રમાણિત નકલ.

(૬) શાળા છોડ્યાના દાખલાની પ્રમાણિત નકલ તથા રેશનકાર્ડ.

(૭) જન્મતારીખનો દાખલો (જો મૃતક/ઇજા પામનાર અભણ હોય તો જ અને જન્મતારીખ.નો દાખલો પ્રાપ્ય ન હોય તો જ ચૂંટણી ઓળખકાર્ડ રજૂ કરવું) .

(૮) અસામાન્ય સંજોગોમાં જ્યાં પોસ્ટમોર્ટમ કરાવવામાં આવેલ ના હોય ત્યાં કલેક્ટરશ્રીનું અકસ્માત મૃત્યુનું પ્રમાણપત્ર.(પોલીસ પેપર્સ હોવા ફરજિયાત છે).

(૯) અપમૃત્યુ - એટલે કે સળગી જવા, બોમ્બ બ્લાસ્ટ, ગેસ બાટલાનાં ધડાકાથી મોત/અપંગતા, ડૂબી જવાના, ઝાડ પરથી પડવાના, લપસી પડવાના, ઝેરી દવા પી જવાના, ગળે ફાંસો તેમજ આ પ્રકારનાં અન્ય અપમૃત્યુનાં કેસમાં પોલીસ તપાસનાં છેવટનાં અહેવાલની નકલ કે જે અહેવાલ SDM ને અકસ્માત

કેસ એપ્રુવ કરવા રજૂ કરેલ હોય તેની પ્રમાણિત નકલ તથા મરણોન્મુખ નિવેદનની નકલ રજુ કરવી ફરજિયાત છે.

(૧૦) લાભાર્થી/મૃતક વાહન ચલાવતાં અકસ્માતનો ભોગ બનેલ હોય તેવા સંજોગોમાં વેલીડ ડ્રાઈવિંગ લાઈસન્સ અંગેનું RTOનું અસલ પ્રમાણપત્ર.

(૧૧) શ્રમિકના કેસમાં વાહન અકસ્માતમાં મરણ થયેલ હોય તો મૃતકનાં વાહન અકસ્માત ટ્રીબ્યૂનલમાં (MACT) કરેલ દાવા અરજીની નકલ રજૂ કરવી અને જો આવી અરજી કરેલ હોય નહીં તો તે મતલબનું નોટરી કરેલ અસલ સોગંદનામુ.

(૧૨) અસંગિઠત શ્રમિકના કિસ્સામાં મૃતકને સીધી રીતે કે વારસાઇમાં જમીન મળવાપાત્ર નથી તેવું સામેલ પરિશિષ્ટ-૫ મુજબનાં નિયત નમૂનાનું ઈ-ધરાનું પ્રમાણપત્ર કે જે સબંધિત શહેર/તાલુકા મામલતદારે ઇસ્યુ કરવાનું રહેશે.

(૧૩) વારસદારોની મુદ્દા નં.૯ માં આપેલ સુચના મુજબનું પેઢીનામું.

(૧૪) ઈન્ડેમ્નીટી બોન્ડ બિડાણ નમુના મુજબ (સુધારેલ).

(૧૫) ઉપર મુજબના દસ્તાવેજો સિવાય સબંધિત દરખાસ્તના ગુણદોષ (merits) ને ધ્યાને લેતાં વીમાકર્તા વિવેકબુદ્ધિ અનુસાર વધારાના આધાર-પુરાવાઓ અલગથી મંગાવી શકશે.

ઉપરનાં તમામ દસ્તાવેજો અકસ્માત વળતરની અરજી સાથે સામેલ છે તે બાબતે નોડલ ઓફિસરે ચકાસણી કરીને અરજી મોકલવી. જેથી અધૂરી માહિતી માટે પત્રવ્યવહારમાં સમય બગડે નહીં.

૧૦. નોડલ ઓફિસરની જવાબદારી...

અરજદાર પાસેથી અકસ્માતે મૃત્યુ/ઇજાની તારીખથી ૯૦ દિવસની સમય મર્યાદામાં દાવા અરજી મળ્યેથી નોડલ અધિકારીએ તેના ઉપર કચેરીના ઈનવર્ડ નંબર-તારીખ તથા સહી દર્શાવી દાવા રજૂ કરવાની પ્રક્રિયાના પેરામાં જણાવ્યા મુજબ નિયત નમુનાની અરજી જરૂરી પુરાવા સાથે મળ્યેથી અરજીની સંપૂર્ણ ચકાસણી કરી નિર્દિષ્ઠ કરેલ નિયત નમુના મુજબના પ્રમાણપત્ર સાથે દાવાનો નિકાલ કરવા પ્રમાણપત્ર સહિત અરજી વીમા નિયામકશ્રીની કચેરી/વીમા કંપનીને તેને અરજી મળ્યાથી ૩૦ દિવસની અંદર મોકલી આપવાની રહેશે. નોડલ અધિકારીને અરજદાર પાસેથી ઉપર જણાવ્યા મુજબની દાવા અરજી મળ્યા તારીખથી ૩૦ દિવસ દરમ્યાન તમામ યોગ્ય ચકાસણી અને ખરાઇ કરી ભલામણ કરવાની રહેશે.આ રીતે જણાવ્યા મુજબ જો કોઇ ખોટી ભલામણ થયેલ અરજીઓ રજૂ થશે અને તમામ પ્રકારની ખરાઇ થયા બાદ ખોટી/ક્ષતિયુક્ત માલૂમ પડશે તો તેવા દાવા દરખાસ્તો સબંધિત તેમજ વહીવટી, કાનૂની, નાણાકીય તેમ તમામ પ્રકારની જવાબદારી યોજનાના નોડલ અધિકારીશ્રીની રહેશે. આવી ક્ષતિયુક્ત દરખાસ્તો સબંધિત યોજનાની વડી કચેરી/નિયંત્રણ કચેરી/બોર્ડને નોડલ અધિકારી વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી અર્થે સબંધિત સચિવાલય વિભાગની જાણ હેઠળ પરત કરવામાં આવશે.

સરકારની આ યોજનાનો સબંધિત યોજનાના નોડલ અધિકારીઓ દ્વારા બહોળો પ્રચાર હાલ જેવી રીતે કરવામાં આવે જ છે તે રીતે પ્રચાર ચાલુ રાખવાનો રહેશે.

૧૧. દાવા પતાવટની કાર્યવાહી...

અરજદાર તરફથી અકસ્માત મૃત્યુ/અપંગતાની તારીખથી ૯૦ દિવસની અંદર નિયત નમુનામાં આધાર-પુરાવા સાથેની વળતરની અરજી નોડલ ઓફિસરને મળે તે તારીખથી દિન-૩૦ માં જરૂરી ચકાસણી કરી તેમનાં પ્રમાણપત્ર તથા જરૂરી તમામ દસ્તાવેજો સાથે વીમા નિયામકશ્રીની કચેરી/વીમા કંપનીને મોકલી આપવાની રહેશે. પરંતુ જો પ્રાથમિક તબક્કે આ ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેતાં અરજી ગ્રાહ્ય રહી શકે તેમ હોય નહિ તો યોજનાના સબંધિત નોડલ અધિકારીએ તેની કક્ષાએથી જ ફરજિયાત નકારવાની રહેશે તથા તેની જાણ અરજદારને બારોબાર કરવાની રહેશે. આ રીતે નોડલ અધિકારીને દાવો નકારવાની સત્તા આપવામાં આવે છે.

જો અરજદાર દ્વારા અધૂરા દસ્તાવેજો આપેલ હોય તો તે તેમની પાસેથી મંગાવવાનો પત્ર લખી તે પત્રની નકલ સાથે મળેલા દસ્તાવેજો અરજી સાથે, વીમાકર્તાને, તેઓને મળ્યા તારીખથી ૩૦ દિવસમાં મોકલી આપવા.

વીમા કંપની/રાજ્ય વીમા નિધિ(વીમા નિયામકની કચેરી) એ આ દાવાઓ જો ચૂકવવા પાત્ર થતા હોય અને તેને (વીમાકર્તાને) તથા તેને સંતોષકારકની તમામ માહિતી/દસ્તાવેજો સાથે અરજી મળેલ હોય તો ૬૦ દિવસ સુધીમાં દાવા મંજૂરી નામંજૂરીનો નિર્ણય કરવાનો રહેશે. અથવા જરૂરી/અધૂરી માહિતી મંગાવી ત્યારબાદ આગળની કાર્યવાહી કરવાની રહેશે. વીમાકર્તા દ્વારા મંગાવાયેલ બધી જ પૂર્તતા અરજદાર નિયત સમયમર્યાદામાં કરવામાં નિષ્ફળ જશે તો દાવો આપોઆપ દફતરે થયેલ ગણાશે. વધુમાં અકસ્માત/મૃત્યુની તારીખથી બાર માસ

બાદ દાવો કાયમને માટે બંધ થશે અને ત્યારબાદ અરજદારની પુન:વિચારણા માટેની પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

→ વીમા કંપનીના કેસમાં વીમા કંપનીએ દાવા મળ્યા અંગેની/ના-મંજૂર /ચૂકવ્યા અંગેની માહિતી દર મહિને વિભાગ/વીમા નિયામકને આપવાની રહેશે.

→ ના-મંજૂર થયાના કિસ્સામાં વીમા નિયામકની કચેરી/વીમા કંપની અરજદારને તથા નોડલ ઓફિસરને આ બાબતની જાણ કરશે.

→ મૃત્યુ/અકસ્માતની તારીખથી બાર માસ બાદ વીમાકર્તા દ્વારા માંગવામાં આવેલ બધી જ પૂર્તતા નહિ થતાં દાવો કાયમને માટે બંધ થશે

૧૧. (A) કોઈપણ લાભાર્થીનાં દાવા ના-મંજૂર થતાં સૌ પ્રથમ તેઓએ કે તેમના વારસદારોએ ના-મંજૂર દાવા માટે સૌ પ્રથમ નિયત કરવામાં આવેલી રિવ્યૂ કમિટીમાં આ બાબતે દિવસ-30 માં રજૂઆત કરવાની રહેશે અને આ રિવ્યૂ કમિટીનાં નિર્ણય સામે પણ તેમને અસંતોષ જણાય ત્યારબાદ જ અદાલતનો આશરો લઈ શકાશે અને આ માટે કાનૂની/અર્ધન્યાયિક/ન્યાયિક કાર્યક્ષેત્ર/હકૂમત ફક્ત ગાંધીનગર મૂકામે જ રહેશે. સીધેસીધા, રિવ્યુ કમિટીમાં રજૂઆત કર્યા વગર અદાલત/ફોરમમાં જઈ શકાશે નહિ. કારણ કે, આ યોજના રાજ્ય સરકારની કલ્યાણકારી યોજના છે તથા સરકારશ્રીનો કોઈ ધંધાદારી કે નફાનો હેતુ/ઉદ્દેશ નહિ હોવાથી અને આ માટે લાભાર્થી કે લાભાર્થીનાં વારસદાર દ્વારા કોઈ જ પ્રીમિયમ/અવેજ/રકમ ચૂકવવામાં આવતી નથી. આથી દરેક લાભાર્થી કે લાભાર્થીનાં વારસદારે દાવો ના-મંજૂર થતાં પ્રથમ રિવ્યુ કમિટીમાં રજૂ કરવાનો રહેશે તથા અરજદાર/મૃતક/વારસદાર યોજનાના ફક્ત લાભાર્થી હોવાથી સરકારશ્રીના સંબંધિત યોજનાના વીમા પ્રસ્તાવકર્તા વિભાગની સંમતી મેળવ્યા બાદ જ કાનૂની કાર્યવાહી કરી શકાશે. આ માટે અર્ધન્યાયિક/ન્યાયિક કાર્યક્ષેત્ર/હકૂમત ફક્ત ગાંધીનગર રહેશે. અન્ય કોઈ પણ જિલ્લા/તાલુકામાં આ બાબતે અદાલત/ફોરમમાં જઈ શકાશે નહિ.

૧૧. (B) આ ઠરાવ ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી તથા તેમના નામે ઇસ્યુ થયેલ હોય કાનૂની કાર્યવાહી પણ રાજ્યપાલશ્રી વિરૂદ્ધ થતી હોવાથી ધરપકડ વોરન્ટ ઇસ્યું કરી શકાશે નહીં.

૧૧. (C) દાવા અંગેની પૂછપરછ/રજૂઆત અરજદાર/લાભાર્થી સ્વયં સિવાય અન્ય કોઈ ત્રાહિતે(એજન્ટ/વકીલ/વચેટીયા/સંઘ/સંસ્થા/સામાજિક કે રાજકીય કે બિનરાજકીય કાર્યકર્તા વિગેરે) કરવાની રહેશે નહિ. તથા દાવા અંગેની માહિતી અરજદાર/લાભાર્થીની અંગત પ્રકારની હોઈ બીજા કોઈ ત્રાહિતને કોઈપણ હેતુ/ધારા/નિયમ/અધિનિયમ હેઠળ આપી શકાશે નહિ.

૧૧. (D) વીમાકર્તા જાતે અથવા સરકારી/ખાનગી તપાસ એજન્સી મારફત પોતાની વિવેક બુધ્ધિ અનુસાર દાવાની વિગતવાર તપાસ કરી/કરાવી શકશે અને આવો તપાસ રીપોર્ટ તકરારના કિસ્સામાં મહત્વનો પુરાવો ગણવાનો રહેશે.

૧૨. ના-મંજૂર થયેલ દાવાઓ/વિવાદાસ્પદ દાવાઓની પુન:વિચારણા માટે જે તે વિભાગનાં ખાતાનાં વડા/નાણા વિભાગનાં અધિકારી તથા નાણા વિભાગ નક્કી કરે તેવા વીમા વિષયના નિષ્ણાંત વ્યકિતની અને વીમા કંપનીના કિસ્સામાં વીમા કંપનીના અધિકારીની એક "પુન:વિચારણા કમિટી" બનાવવાની રહેશે અને તેઓનો નિર્ણય આખરી રહેશે આ સમિતિના સભ્ય સચિવ વીમા નિયામકશ્રી રહેશે.

૧૩. આ યોજનામાં અલગ અલગ કેટેગરીના લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. એક કરતાં વધારે કેટેગરીનું પ્રતિનિધિત્વ ધરાવતા લાભાર્થીને આ યોજના અંતર્ગત ફક્ત એક જ કેટેગરી હેઠળ લાભ મળવાપાત્ર રહેશે. આમ, એક લાભાર્થીના કિસ્સામાં વીમા વળતરનું ચૂકવણું બેવડાય નહિ તે સંબંધિત નોડલ અધિકારીએ ખાતરી કરવાની રહેશે.

૧૪. યોજનાના અમલમાં સરળીકરણ માટે વીમા નિયામક દાવા અરજીઓ સબંધિત વિભાગોની નિયંત્રણ/વડી કચેરી/બોર્ડ મારફત રૂટ કરી મોકલવાનું જણાવી શકશે અને તે અનુસાર અમલ કરવાનો રહેશે. (દા.ત. ખાતેદાર ખેડૂત યોજનામાં ખેતી નિયામક દ્વારા, શ્રમિક યોજનામાં ગુ.ગ્રા.શ્ર.ક.બોર્ડ/શ્રમ આયુક્ત(ગ્રામ/ઉદ્યોગ), વિદ્યાદીપ યોજનામાં પ્રા.શિ.નિ./ કમિશ્નરશ્રી (શાળાઓ) દ્વારા રૂટ કરીને).

૧૫. અન્ય કોઈ વિભાગ ખાતા દ્વારા આવા હેતુસરની અન્ય કોઈ વીમા યોજના અમલમાં હોય અથવા ભવિષ્યમાં કરવામાં આવે તો તે તમામ યોજનાઓને આ ઠરાવની જોગવાઇઓની યોગ્ય વિચારણા બાદ લાગુ કરવાના રહેશે.

www.sarkariyojanaguj.com

૧૬. યોજનાનો ખર્ચ...
આ કલ્યાણકારી જૂથ અકસ્માત વીમા યોજનાનો સમગ્ર વીમા પ્રીમિયમ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે અને જે તે વિભાગના લાભાર્થીની સંખ્યાને લક્ષમાં રાખીને જે તે વિભાગની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૧૭. આ યોજનાનો હેતુ સરકારશ્રીની તમામ યોજનાઓ એકત્રિત કરી વીમારાશીનો સ્પર્ધાત્મક લઘુતમ પ્રીમિયમ દર મેળવવાનો હોવાથી, આવરી લેવાયેલ તમામ યોજનામાં સમાવેશ લાભાર્થીની સંખ્યાના પ્રમાણમાં પ્રીમિયમની રકમ ચૂકવણી કરવાની રહેશે.

૧૮. આ યોજનાની સમગ્ર અમલીકરણ પદ્ધતિ (મોડાલીટી) નાણા વિભાગ અલગથી નક્કી કરશે અને સમયાંતરે તેમાં જરૂરી ફેરફાર નાણા વિભાગ/નાણા વિભાગના અધિકૃત અધિકારી કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

2/4/09/13

ચન્દ્રવદન મેકવાન
નાયબ સચિવ અને નિયામક (સં.વિ.)
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે કલેક્ટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૧), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, પો.બો.નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૨), ગુજરાત રાજ્ય, રાજકોટ..
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / નર્મદા.
- વીમા નિયામકશ્રી, વીમા અને લેખા ભવન, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- ગુજરાત રાજ્ય નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- સર્વે બોર્ડ / કોર્પોરેશન.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ – નાણા સલાહકારશ્રીઓ.
- નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત).
- પસંદગી ફાઇલ, ન-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ક – વર્ગ ફાળવણી.

પત્ર દ્વારા

www.sarkariyojanaguj.com



પાર-૧૧-૨

| વારસદાર અરજદારનો ફોટો |
|---|

નોડલ અધિકારીના ઇનવર્ડ નંબર..............

નોડલ અધિકારીના ઇનવર્ડ તારીખ.............

પરિશિષ્ટ-૧ (ફરજિયાત)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવચ-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન.

તા.૦૧-૦૪-૨૦૧૩ મુજબ મૃત્યુ પામેલ કે કાયમી અપંગતાના કેસમાં લાભાર્થીના વારસદાર/અપંગ લાભાર્થીએ વીમાની રકમ મેળવવા રજૂ કરવાની અરજીનો નમૂનો

હું/અમે નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી ..............................................સરનામું ........................ ................................................................................................................જાહેર કરૂં છું/કરીએ છીએ કે શ્રી/શ્રીમતી.................................................................................................... ને તા. / / ના રોજ અકસ્માત થવાથી તા................ ના રોજ................ ગામે (સ્થળનું નામ) મૃત્યુ થયેલ છે અથવા કાયમી/અંશતઃ અપંગ થયેલ છે. આ સબબ હું/અમે સ્વર્ગસ્થના વારસદાર તરીકે ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા દાવાની રકમ રૂ....................... માટે અરજી મોકલું છું/મોકલીએ છીએ કે,

જે નીચે દર્શાવેલ મારા/અમારા બેંક ખાતામાં બારોબાર જમા કરાવવી અને તેની જાણ કરવા/મારા સરનામે મોકલી આપવા વિનંતી છે. (બેંકના ખાતાની વિગત આપવી ફરજિયાત છે).

૧/-. મૃત્યુ પામેલ/અપંગ થયેલ વ્યક્તિ અંગેની માહિતી

(૧) નામ :

(૧-એ)(પરણિત/અપરણિત/વિધુર/વિધવા) :

(૨) પિતા/પતિનું નામ :

(૩) પૂરૂં સરનામું(કોન્ટેક્ટ નંબર સાથે) :

(૪) ઉંમર (પુરાવા સાથે) :

(૫) જાતિ (પુરુષ/સ્ત્રી) :

(૬) અકસ્માત થયાની તારીખ તથા મૃત્યુની તારીખ :

(૭) અકસ્માતનું ટૂંકમાં વિવરણ તથા સ્થળ :

(૮) શારીરિક અપંગતાની વિગત :

(૯) ઓળખકાર્ડ નંબર તથા વેલીડીટીની તારીખ :

(વિવરણમાં અકસ્માતનું સ્થળ, ગામ, તાલુકો, મૃત્યુની તારીખ, અકસ્માત નોંધાયો હોય તો પોલીસ સ્ટેશન, પંચાયતનું નામ-સરનામું, તબીબી સારવાર લીધી હોય તેની વિગતો દર્શાવવી અને તેને લગતા આનુસંગિક પુરાવાઓ અરજી સાથે સામેલ કરવા).

૨/-.મૃત્યુ પામેલ વ્યક્તિના આશ્રિતોની માહિતી

| અ.નં. | નામ | ઉંમર | મૃત્યુ પામેલ વ્યક્તિ સાથેનો સબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |

(આ સાથે મામલતદાર/રેવન્યુ અધિકારી સમક્ષ થયેલ પેઢીનામું અવશ્ય રજૂ કરવું).

૩/-.બેંકની વિગત

| અ.નં. | બેંકનું નામ | ખાતા નંબર | બેંકનું સરનામું માઇકર નં. સાથે |
|---|---|---|---|
| | | | |

૪/-. ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ તેઓ,

(A) ખાતેદાર ખેડૂત (B) અસંગઠિત કામદાર (C) પ્રાથમિક/માધ્યમિક શાળાના વિદ્યાર્થી (D) કોલેજ/ITI ના વિદ્યાર્થી (E) કૈલાસ માનસરોવર યાત્રી/અમરનાથના યાત્રીઓ (F) સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતી વ્યક્તિઓ (G) સ્પોર્ટસ

હોસ્ટેલમાં રહેતા ટ્રેઈનીઝ વિદ્યાર્થીઓ (H)પોલીસ કર્મચારીઓની યોજના (I)સફાઈ કામદાર (J)નિરાધાર-વિધવા (K)વિકલાંગ (L)હીરાઘસુ કામદાર યોજના (M)જેલ ખાતાના કર્મચારીઓની યોજના તરીકે નોંધાયેલ છે.

* (જે યોજનામાં સમાવેશ થતા હોય તેના ઉપર ✓ નિશાની કરવી).

અરજી સાથે નીચે જણાવ્યા પ્રમાણેનાં પ્રમાણપત્રો/દસ્તાવેજો બિડાણ કરેલ છે.

૧.

૨.

૩.

૪.

૫.

આથી હું સોગંદ ઉપર જાહેર કરું છું કે મારી સદરહુ દાવા દરખાસ્ત અંગે સરકારશ્રીના ઠરાવ નં.જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન તારીખ ૦૧-૦૪-૨૦૧૩ ની જોગવાઈઓ સાથે સંપૂર્ણપણે સહમત છું અને ચુસ્તપણે પાલન કરવા પણ બંધાઉં છું.

ઉપરોક્ત તમામ વિગતો તથા માહિતી મેં વાંચી સમજીને ભરેલ છે. ખોટી માહિતી આપવાથી અને ખોટી માહિતી/વિગતો ભરવાથી અગર ખોટી રજૂઆત કરવાથી અથવા ઉપરોક્ત દાવામાં રજૂ કરાયેલ બાબતમાંથી વિગતો/માહિતી ખોટી સાબીત થતાં મારો દાવો ના-મંજૂર થશે અને કાયદેસરની કાર્યવાહી થશે તેની મને જાણ છે અને તે બાબત મેં જવાબદારી પૂર્વક સ્વીકારીને સહી કરેલ છે. મેં આ વીમા યોજના હેઠળ વીમા પ્રીમિયમ/અવેજ/રકમ ભરેલ નથી, તેમજ રાજ્ય સરકારશ્રીની આ કલ્યાણકારી તેમજ નફાના ઉદ્દેશ વગરની યોજના છે તથા તકરારના મુદ્દે સદરહુ યોજના સંદર્ભે અર્ધન્યાયિક/ન્યાયિક હકૂમત/કાર્યક્ષેત્ર ફક્ત ગાંધીનગર સ્થિત જ છે તથા અરજદાર/મૃતક/વારસદાર યોજનાના ફક્ત લાભાર્થી હોવાથી સરકારશ્રીના સંબંધિત યોજનાના વીમા પ્રસ્તાવકર્તા વિભાગની સંમતી મેળવ્યા બાદ જ કાનૂની કાર્યવાહી કરી શકાશે તે પણ હું જાણુ છું. મારા દાવા/કેસ અંગેની પૂછપરછ/રજૂઆત મારે સ્વયં જ કરવાની રહેશે અને મારા દાવા અંગેની વિગતો કોઈપણ હેતુ/નિયમ/ધારા માટે/નીચે ત્રાહિતને આપી શકાશે નહિ તથા મૃત્યુ/અકસ્માતની તારીખથી બાર માસ બાદ વીમાકર્તા દ્વારા માંગવામાં આવેલ બધી જ પૂર્તતા નહિ થતાં દાવો કાયમને માટે બંધ થશે તેની પણ મને ખબર છે. જેના આધારરૂપે યોજનાના નોડલ અધિકારી સમક્ષ રૂબરૂ ઓળખકાર્ડ સાથે હાજર થઈને મારા સહી/સિક્કા શાખ કરી આપુ છું.

તારીખ :

સ્થળ :

લાભાર્થી/વારસદારની સહી..............

રૂબરૂ

નોડલ અધિકારીની સહી.....................

નામ :

તારીખ :

સ્થળ :

પરિશિષ્ટ - ૨ (ફરજિયાત)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન..તા ૦૧-૦૪-૨૦૧૩ મુજબનું સક્ષમ અધિકારીએ આપવાનું પ્રમાણપત્ર

(૧) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી ........................................................................................ સરનામું ................................................... ગુજરાત.................................. સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ ................. તરીકે (યોજનાના લાભાર્થી) આવરી લેવાયાછે / હતા અને તે/તેમનું અકસ્માતથી મૃત્યુ/કાયમી/અંશતઃ અપંગ થયેલ છે. તેમના દાવાની અરજીમાં દર્શાવેલ શ્રી/શ્રીમતી ......................................... ને વીમા રકમ પેટે રૂ.............................. ચૂકવવાપાત્ર થાય છે./ચુકવવાપત્ર થતા નથી. (લાગુ પડતું હોય નહિ તે સ્પષ્ટપણે છેકી નાંખીને ટૂંકી સહી કરવી).

(૨) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મૃતક/ અપંગ .................................. હતા/છે.
(સમાવિષ્ટ યોજનાનું નામ)

(3) લાભાર્થીના વારસદારે રજૂ કરેલ અરજી અન્વયે જરૂરી તપાસ કરવામાં આવેલ છે અને લાભાર્થી આ યોજનાની શરતો મુજબ વીમા દાવાની રકમ મેળવવાપાત્ર થાય છે/ થતા નથી તેની ખાતરી કરવામાં આવેલ છે. આ સાથે ઠરાવમાં જણાવ્યા મુજબનાં નીચે જણાવેલ દાવાના દસ્તાવેજો આ સાથે સામેલ છે.

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

(૪) અરજદારે મારી રૂબરૂમાં તેના સહી/સિક્કા/અંગૂઠો કરી આપેલ છે તથા તેઓને મેં સદરહુ સરકારી ઠરાવની વિગતોથી અવગત કરેલ છે તથા મૃતક/અરજદાર (કાયમી અપંગતાના કિસ્સામાં) નું ઓળખકાર્ડ નંબર...................... તા. .................................. ના રોજ ઇસ્યુ થયેલ છે તથા ......................................તારીખના રોજ રીન્યુ થયેલ છે જેની આ સાથે

ખરાઇ કરવામાં આવેલ છે (અસંગઠિત શ્રમિક યોજના માટે ઓળખકાર્ડ વગર આ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહી).

જરૂર હોય ત્યાં ઉંમરના પુરાવાની જરૂરી ચકાસણી કરવામાં આવેલ છે અને તેની નકલો આ સાથે સામેલ છે.

તારીખ :

સ્થળ : ઓફિસ સીલ નોડલ/સક્ષમઅધિકારીનીસહી

નામ :

હોદ્દો :

કોન્ટેક્ટ નંબર :

પરિશિષ્ટ -૩ (ફરજિયાત)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:જવચ-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન.. તાં ૦૧-૦૪-૨૦૧૩ મુજબની એડવાન્સ રીસીપ્ટ

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી .................................................................... સરનામું ...................................................................... આથી પહોંચ લખી આપું છું કે મને ગુજરાત સરકારની સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ વીમા કંપની/વીમાનિયામકની કચેરી, ગાંધીનગર તરફથી રૂ.............................. અંકે રૂપિયા ............................................ પુરા મળેલ છે.

રેવન્યુસ્ટેમ્પ

તારીખ :

સ્થળ :

નાણાં લેનારની સહી................

<u>પરિશિષ્ટ-૩ A(ફરજિયાત)</u>

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન.તા ૦૧-૦૪-૨૦૧૩ અન્વયે મળેલ ચેક/ડ્રાફ્ટની રસીદ

આથી હું સહી નીચે કરનાર શ્રી/શ્રીમતી............................................ સરનામુ.........................................................................આથી પહોંચ લખી આપું છું કે, મને ગુજરાત સરકારની સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ વીમા કંપની/વીમા નિયામકની કચેરી, ગાંધીનગર તરફથી રૂ............................અંકે રૂપિયા............................ ના............................ બેંકનાં ચેક/ડ્રાફ્ટ નં.................................... તા............................ મળેલ છે. તે અન્વયે આ અગાઉ સ્ટેમ્પ સાથેની એડવાન્સ રસીદ આપેલ છે.

તારીખ: ચેક/ડ્રાફ્ટ મેળવનારની સહી

સ્થળ:

## પરિશિષ્ટ -૪ (વૈકલ્પિક)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન. તા ૦૧-૦૪-૨૦૧૩ મુજબનું કલેક્ટર, જિલ્લા મેજીસ્ટ્રેટે P.M. રિપોર્ટના વિકલ્પે આપવાનું પ્રમાણપત્ર(પોલીસ પેપર્સ કરાવેલા હોવા જરૂરી છે)

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી ........................... નું તા. / / ના રોજ ........................ મુકામે ...........................ના રોજ થયેલ ........................ અકસ્માતના કારણથી અવસાન થયેલ છે. અકસ્માત મોત/FIR No. ................... થી ........................ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ છે. વિશિષ્ટ અનિવાર્ય સંજોગોમાં મૃતકનો P.M. રિપોર્ટ થઈ શકેલ નથી અને તેના વિકલ્પે ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા પોલિસી હેઠળ ખાતેદાર ખેડૂત/અસંગઠિત કામદાર/પ્રાથમિક/માધ્યમિક શાળા/કોલેજ/ITI ના વિદ્યાર્થી તરીકે વીમા દાવા માટે જરૂરી પુરાવાની ચકાસણીને આધારે લાભાર્થીનું P.M. કરાવેલ ન હોઈ તેની અવેજીમાં આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. અકસ્માતનું/મૃત્યુનું કારણ ................................................................ છે.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ

ઓફિસ સીલ

તારીખ :

સ્થળ :

જાવક નં.

## પરિશિષ્ટ -૫

(લાગુ પડતી યોજના માટે ફરજિયાત)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(**IWDMS No.186826**) ન..તા. ૦૧-૦૪-૨૦૧૩

મામલતદાર કચેરી
તાલુકો.......................
જિલ્લો........................

### પ્ર મા ણ પ ત્ર

આથી કમ્પ્યુટરાઈઝડ રેવન્યૂ રેકર્ડની (ઈ-ધરા) ખરાઈ કરી પ્રમાણિત કરવામાં આવે છે કે, મૃતક શ્રી/શ્રીમતી.................................................. તેના પોતાના નામે કે તેના માતા-પિતા/દાદા-પરદાદા/ભાઈ-બહેન/પુત્ર-પુત્રી કે પતિ/સાસુ-સસરા (જો મૃતક સ્ત્રી હોય તો) કે અન્ય વારસદારોના નામે/ખાતે ખેતીની કે અન્ય પ્રકારની જમીન સીધી કે વારસાઈથી ધારણ કરતા નથી કે ભવિષ્યમાં વારસાઈથી તેઓને મળવાપાત્ર નથી.

જાવક નં..............................
તારીખ :

(કચેરી સીલ)

સહી/-

મામલતદાર
નામ :
કોન્ટેક્ટ નં.

૫૧૫-૧૧-૩

## પરિશિષ્ટ -૧

### ગુજરાત સામુહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ યોજનાઓ

| ક્રમ | યોજનાના લાભાર્થી | લાભાર્થીની યોગ્યતા | વીમા કવચની રકમ | કયા રીસ્ક આવરી લેવાય છે? |
|---|---|---|---|---|
| ૧ | ખાતેદાર ખેડૂત | નોંધાયેલા ખાતેદાર ખેડૂત ઉંમર ૫થી૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | અકસ્માત મૃત્યુ અગર કાયમી સંપૂર્ણ ૧૦૦% અગર કાયમી આંશિક ૫૦% અપંગતા |
| ૨ | અસંગઠિત જમીન વિહોણા મજૂર (શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયત નમૂનાનું વેલીડ ઓળખકાર્ડ ધરાવતા હોવાનું ફરજિયાત છે) | ગ્રામ્ય કક્ષાએ ૧૪ થી ૭૦ વર્ષની વયના જમીન વિહોણા ખેત મજૂરો તથા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારનાં ૧૮ થી ૭૦ વર્ષની વયના ફક્ત અસંગઠિત શ્રમિકને સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયત થયેલ નમુનાનું નોંધણી નંબર તથા ફોટાવાળું અસલ વ્યક્તિગત ઓળખકાર્ડ ધરાવતા તમામ અન્ય પ્રકારના અસંગઠિત શ્રમિકો (શ્રમિકની મુદ્દા નં ૯ (A) ની વ્યાખ્યામાં જણાવેલ અપવાદો સિવાયનાં) | ૧,૦૦,૦૦૦ | " |
| ૩ | "વિદ્યાદીપ" પ્રાથમિક/માધ્ય./ઉ.મા ધ્ય. શાળાના વિદ્યાર્થીઓ | ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૫૦,૦૦૦ | " |
| ૪ | "શહીદવીર કિનારીવાલા" કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ગુજરાત રાજ્યની તમામ કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૫ | ITI માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ગુજરાત રાજ્યની તમામ ITI ના વિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૬ | કૈલાસ માનસરોવરના યાત્રીઓ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જતાં તમામ ગુજરાતના ૧૮ થી ૬૦ વર્ષ સુધીના યાત્રીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૭ | અમરનાથના યાત્રીઓ | અમરનાથની યાત્રાએ જતાં ગુજરાતનાં યાત્રીઓ ૧૮ થી ૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | " |
| ૮ | સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી વ્યક્તિઓ | રાજ્ય યુવક બોર્ડ દ્વારા કેટલીક સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે, સમુદ્રતરણ તાલીમ, નદીકાંઠા, વનવિસ્તાર, સાગરકાંઠા, રણ તથા સરહદી વિસ્તાર પરિભ્રમણ, | ૧,૦૦,૦૦૦ | |

| ક્રમ | યોજનાના લાભાર્થી | લાભાર્થીની યોગ્યતા | વીમા કવચની રકમ | કયા રીસ્ક આવરી લેવાય છે? |
|---|---|---|---|---|
| | | પર્વતારોહણ તાલીમ કોર્સ, બરફચઢાણ, શિખર આરોહણ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર યુવક/યુવતીઓ માટે વીમા રક્ષણ | | " |
| ૯ | સ્પોર્ટસ હોસ્ટેલમાં રહેતા ટ્રેઈનીઝ | સ્પોર્ટસ હોસ્ટેલનાં ખેલાડીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૦ | પોલીસ કર્મચારીઓની અકસ્માત વીમા યોજના | રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા તમામ પોલીસ કર્મચારીઓ માટે અકસ્માત વીમા કવચ-Dy. S.P. અને ઉપરની કક્ષા<br>PI/PSI/PSO કક્ષાના<br>H.C. અને કોન્સ્ટેબલ<br>ATS સ્ટાફ/બોમ્બ સ્ક્વોર્ડ<br>CM સલામતી/ચેતક કમાન્ડો | ૫,૦૦,૦૦૦<br>૫,૦૦,૦૦૦<br>૪.૦૦,૦૦૦<br>૧૫,૦૦,૦૦૦<br>૧૫,૦૦,૦૦૦ | " |
| ૧૧ | સફાઈ કામદાર અકસ્માત વીમા યોજના | સફાઈ કામદાર<br>૧૪ થી ૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૨ | નિરાધાર/વિધવા સહાય યોજના | નિરાધાર/વિધવા<br>૧૮ થી ૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૩ | વિકલાંગ અકસ્માત વીમા યોજના | રાજ્યના ૧.૦૦ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વિકલાંગો ૫થી ૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૪ | હીરા ઉદ્યોગમાં કામ કરતા કારીગરોને વીમા કવચ | રાજ્યના ૧ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા તથા નોંધાયેલા હીરા ઉદ્યોગમાં કામ કરતા કારીગરો ૧૮ થી ૫૮ વર્ષની વયનાં | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૫ | જેલ ખાતાના કર્મચારીઓની અકસ્માત વીમા યોજના | જેલ ગાર્ડઝ તમામ<br>જેલ ગાર્ડઝ સિવાય જેલ ખાતાના અન્ય તમામ વર્દીધારી સંવર્ગ | ૪,૦૦,૦૦૦<br>૫,૦૦,૦૦૦ | " |
| ૧૬ | ખાતેદાર ખેડૂતના એક વારસદાર અકસ્માત વીમા યોજના | ખાતેદાર ખેડૂતના પતિ/ પત્ની સિવાયના પ્રથમ હયાત સંતાન(પુત્ર/પુત્રી)<br>ઉંમર: ૫ થી ૭૦ વર્ષ | ૧,૦૦,૦૦૦ | " |

2.6/09/૧૪

ચન્દ્રવદન મેકવાન
નાયબ સચિવ અને
નિયામક(સં.વિ.)
નાણા વિભાગ.

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન. તા. ૦૧-૦૪-૨૦૧૩ મુજબ

ઈન્ડેમ્નીટી બોન્ડનો નમૂનો (સુધારેલ)

(રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર નોટરાઈઝ અથવા રજીસ્ટર કરાવીને અસલમાં મેળવવાનું ઈન્ડેમ્નીટી બોન્ડ)

આથી હું.................................ઉ.વ................(પૂરું સરનામું) ..................... .તાલુકા............... જિલ્લો ...............ધંધો................. આજરોજ લખી આપી જણાવું છું કે, (મૃતક) શ્રી/શ્રીમતી.....................................ઉ.વ..........................રહેવાસી.........................તા..............જિ........... ... નું તા. / /૨૦૦ ના રોજ અકસ્માતે મૃત્યુ નીપજેલ હતું.આ બાબતમાં પોલિસ સ્ટેશનમાં રજીસ્ટર નં................. તા................ ના રોજ નોંધાયો છે.મૃતક સાથે અમો ....................... નો સબંધ ધરાવતા હતા. ગુજરનાર શ્રી.............................ના કુટુંબના સભ્યોના નામ નીચે મુજબ છે.

| અ.નં. | નામ | ઉંમર | ગુજરનાર સાથેનો સબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

ગુજરનાર શ્રી............................. ના વારસ તરીકે/દાવેદાર તરીકે હું આ બાંહેધરીપત્ર લખી આપી જણાવું છું કે ગુજરનારના કુટુંબીજનોને સરકારશ્રીની સામુહિક જૂથ અકસ્માત .................. યોજના આકસ્મિક મૃત્યુ/અપંગતા સહાય યોજના હેઠળ કુલ રૂ.............. ચુકવવામાં આવશે તો મને તથા ઉપર દર્શાવેલા કુટુંબીજનોને મળેલ ગણાશે.

આથી હું બાંહેધરી આપું છું કે,મેં કે મૃતકના અન્ય કોઈ વારસદારે સામુહિક જુથ અકસ્માત વીમા યોજનાની અન્ય કોઈ યોજના હેઠળ બીજી કોઈ દાવા અરજી કરેલ નથી કે કરીશ/કરશે પણ નહિ અને જો શરતચૂકથી આ લાભ બે યોજનામાં લેવાયેલ સાબિત થશે તો એક યોજનાની વળતરની રકમ હું પરત કરવા બાંહેધરી આપું છું.

ગુજરનાર શ્રી .................................નું મૃત્યુ કુદરતી કે આપઘાતથી થયેલ હશે અથવા દાવા સાથે રજૂ કરેલ સાધનિક કાગળો જો ઉપજાવી કાઢેલા જણાશે અગર ખોટી માહિતી રજૂ કરેલ હશે અથવા સામુહિક જૂથ અકસ્માત યોજનાની અન્ય કોઈ યોજના હેઠળ દાવા રકમ મેળવેલ હશે તો ઉપર દર્શાવેલ સહાય રૂ................... તથા જે તે રકમ મળ્યાની તારીખથી પ્રવર્તમાન ધોરણે ચક્રવૃધ્ધિ વ્યાજે અથવા સરકારશ્રી નક્કી કરે તે દરે ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત થતી રકમ હું સરકારશ્રીને પરત કરવા/ભરવા આથી સંમતિ અને કબુલાત આપું છું.

સરકારશ્રી જ્યારે આ રકમ મને પરત કરવા જણાવશે તે વેળા રકમ પરત કરવામાં ન આવે તો અથવા પૂરેપૂરી રકમ પરત કરવામાં ન આવે તો સરકારશ્રી નક્કી કરે તે મુજબ કોઈપણ જાતના વાંધાવચકા વગર મારી/મારા વારસદારો પાસે જે કાંઈ સ્થાવર/જંગમ મિલ્કત આવેલ છે તે તમામ મિલ્કતોને પ્રાપ્ત જપ્ત કરી શકશે તે અંગે હું બાંહેધરી આપું છું. તે જ પ્રમાણે આપવામાં આવેલ બાંહેધરી ખત અંગે મારા કોઈપણ વારસદારો તેમજ આ મિલ્કતના ભાગીદારો વાંધાઓ ઉઠાવી શકશે નહિ તેની બાંહેધરી આપું છું અને ચુકવવામાં આવેલ રૂ................... તથા વખતોવખત મળતા વ્યાજની રકમ તથા તેવી તમામ રકમ પર થતી વ્યાજની રકમ પરત કરવા માટે કોઈપણ પૂર્વ શરત વિના પરત કરવા બંધાઉ છું.

વધુમાં હું જાણુ છુ કે તકરારના મુદ્દે અર્ધન્યાયિક/ન્યાયિક કાર્યક્ષેત્ર/હકૂમત ફક્ત ગાંધીનગર મુકામે જ રહેશે તથા અરજદાર/મૃતક/વારસદાર યોજનાના ફક્ત લાભાર્થી હોવાથી સરકારશ્રીના સંબંધિત યોજનાના વીમા પ્રસ્તાવકર્તા વિભાગની સંમતી મેળવ્યા બાદ જ કાનૂની કાર્યવાહી કરી શકાશે તે ઉપરોક્ત હકીકતો મને કબુલ છે અને તે અંગે હું ભવિષ્યમાં કોઈપણ વાંધા, તકરાર કે હરકત કરૂં તો તે આ બાંહેધરી પત્રથી રદબાતલ હોઈને ચાલશે નહિ.

આ ઈન્ડેમ્નીટી બોન્ડ આપેલ છે તે શુદ્ધ બુદ્ધિપૂર્વક સાચી સમજણ અને સભાનતા પૂર્વકની અમારી સંમતિથી આપેલ છે.

તારીખ : ઈન્ડેમ્નીટી બોન્ડ રજૂ કરનારની સહી/- સ્થળ :

(પૂરૂં નામ)

ગુજરનારના અન્ય વારસદારોનું સંમતિ પત્રક

| નામ | સરનામું | ઉંમર-વર્ષ | સહી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |

સાક્ષીઓની સહી તથા પૂરૂં નામ અને સરનામું

| નામ | સરનામું | ઉંમર-વર્ષ | સહી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |

--------------